# ગાંધીનગરમાં અસહ્ય બફારો



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૧૯

રાજયમાં મેઘરાજાએ વિરામ લેતા ફરી ગરમીનો પ્રકોપ શરૂ થતાં નગરજનો ગરમી અને બફારાથી ત્રાહીમામ પોકારી ગયા છે.

છેલ્લા એક સપ્તાહથી રાજયના હવામાનમાં પલટો આવ્યો છે. મેઘરાજાએ વિરામ લીધો છે. વરસાદ ન થતાં ફરી ગાંધીનગર સહીત રાજયમાં ઉકળાટ સાથે ગરમી પડવાની શરૂ થઈ ગઈ છે.

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી ઉકળાટ અનુભવાઈ રહ્યો છે. ગરમી પડતા નગરજનો ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા છે. શ્રાવણ માસમાં પણ સામાન્ય રીતે વરસાદની પધરામણી થતી હોય છે પરંતુ આ વખતે રાજયમાં ખુબ જ વિલંબથી અને અપૂરતો વરસાદ થવા પામ્યો છે. શ્રાવણ માસની શરૂઆતના બે ત્રણ દિવસ વરસાદ પડયા બાદ ઉઘાડ નીકળ્યો છે.

વાદળો સાવ ઓછા થઈ ગયા છે જેના કારણે આકરો તડકો પડી રહ્યો છે. બફારા અને ઉકળાટથી નગરજનો ત્રાસી ગયા છે.

# ગાંધીનગર-અમદાવાદ રૂટના ભાડામાં કોઈ ફેરફાર નહીં

## ટેક્સ ઘટાડાને લીધે સીટી વિસ્તારના અપડાઉનકર્તાઓને ફાયદો નહીં

ગાંધીનગર, તા.૧૯

એસ.ટી.ના ભાડામાં ૧૦ ટકાનો ઘટાડો થયો છે. પરંતુ અમદાવાદ-ગાંધીનગર વચ્ચેનો ભાડા દર યથાવત છે. અલબત્ત સીટી વિસ્તારમાં ટેક્સ બાદ હોવાથી શહેરી બસ સેવાના ભાડામાં કોઈ ફેરફાર થયો ન હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગર-અમદાવાદના રૂટમાં રોજબરોજ અંદાજિત ૧૫ હજારથી વધુ મુસાફરો અપડાઉન કરે છે. કર્મચારીઓના પોઈન્ટની બસ સેવા સાથે ગાંધીનગર અમદાવાદ વચ્ચે ગાંધીનગર ડેપોની ૧૫૦ બસો દોડે છે. જયારે હાલ આ રૂટમાં મુસાફરો પાસેથી રૂ. ૨૫ ભાડુ વસુલવામાં આવે છે. સરકાર દ્વારા એસ.ટી. ભાડામાં ૧૦ ટકાનો ઘટાડો કરવાની જાહેરાત કરવામાં આવી છે પરંતુ ટેકસમાં ઘટાડાની વાત માત્ર ગ્રામ્ય વિસ્તાર અને એકસપ્રેસ રૂટમાં લાગુ પડતી હોવાથી સીટી સર્વિસની બસ સેવામાં ભાડાનો દર યથાવત છે. જેના પરિણામે ગાંધીનગર-અમદાવાદ બસ સેવાના અપડાઉનકર્તાઓને ભાડામાં ઘટાડાનો કોઈ લાભ મળ્યો નથી. જો કે આ હકીકત પૂર્ણ રૂપે પ્રકાશમાં આવ્યા બાદ અપડાઉનકર્તાઓમાં નારાજગી પ્રવર્તી છે.

# સાબરમતીને પુનઃ સજીવન કરવા માગ


(તસવીર : કશ્યપ નિમાવત)

## નદીનો પ્રવાહ રોકાતો અટકાવી ધરોઈ ડેમમાંથી પાણી છોડવા રજૂઆત

ગાંધીનગર, તા.૧૯

સાબરમતી નદીને પુનઃ સજીવન કરવા આજે જિલ્લા કલેકટરને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું. જેમાં ધરોઈ ડેમમાં નદીનો પ્રવાહ રોકાતો અટકાવી ડેમમાંથી પાણી છોડી નદીને પુનઃ સજીવન કરવાની પ્રબળ લાગણી અને માંગણી વ્યકત કરવામાં આવી છે.

રાંદેસણ ગામના અગ્રણી અજીતસિંહ ગોહીલે આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર સાબરમતી નદી જે આપણી લોકમાતા તરીકે છે તેનો ૧૮ પુરાણોમાં સવિસ્તાર ઉલ્લેખ કરવામાં આવેલો છે. જેના અંદર પદમ પુરાણ, સ્કન્ધ પુરાણમાં સાબરમતી નદી ખંડ તરીકે ઓળખાય છે. જે આપણી પ્રાચીન, ભૌગોલિક પરિસ્થિતિ દર્શાવવામાં આવેલી છે જે પ્રભાસખંડ અને પંચમહાલ ક્ષેત્ર અને અરવલ્લી તેમજ અરબસાગર વચ્ચેના વિસ્તારને આપણા ઋષિઓએ સાબરમતી નદી ખંડ તરીકે આપણી પ્રાચીન પરંપરાના તથા પ્રાચીન સંસ્કૃતિના ગ્રંથોમાં પણ તેનો ઉલ્લેખ છે. લોકમાતા સાબરમતી નદી જે સાબરમતીના કાંઠે વસતા ગ્રામજનોની રોજી રોજી પર્યાવરણીય સમતુલાને જાળવી રાખવામાં મહત્વપૂર્ણ ભાગ ભજવતી હતી પણ છેલ્લા પંદરેક વર્ષથી આ નદીમાં પાણી નથી. નદી કાંઠે વસતા અનેક પ્રકારના જળચર, નિશાચર તેમજ નદી કાંઠે વસતા ઘણા પક્ષીઓ તેમજ અબોલપ્રાણીઓ, સર્પ, વાનરો તેમજ નદી કાંઠે વસતી બીજી અનેક જીવજાતિઓ લુપ્ત થઈ ગઈ છે. અત્યાર સુધી આપણે જોઈએ છીએ તેમ ભારતમાં જેટલા ડેમો બન્યા તેમનો હેતુ ફકત ચોમાસામાં વહી જતાં પાણી રોકવાનો હતો, નદી કે નદીને તોડવાનો નહીં. નદી સુકી થવાથી નદીના કમાન્ડ એરિયામાં તેમજ કમાન્ડથી લઈને સમુદ્ર વિસ્તાર સુધી સદંતર વરસોવરસ વરસાદ ઓછો થતો આવે છે. પહેલા નદી કાંઠે એવી માન્યતા હતી કે જયાં સુધી નદી ચાર કાંઠે ન થાય ત્યાં સુધી વરસાદ બંધ થતો ન હતો.

● અનુસંધાન પાન-૭ પર

# આવતીકાલે કેબિનેટની બેઠક

ગાંધીનગર, તા.૧૯

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ આવતીકાલે એક કાર્યક્રમમાં હાજરી આપવા પ્રવાસે જનાર હોઈ રાજય મંત્રીમંડળની બેઠક ૨૧મીને ગુરુવારના રોજ રાખવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજય મંત્રી મંડળની બેઠક બુધવારે યોજાતી હોય છે. પરંતુ આવતીકાલ તા. ૨૦મીને બુધવારના રોજ પંચમહાલ જિલ્લાના હાલોલ ખાતે યોજાનારા એક કાર્યક્રમમાં હાજરી આપવા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ હાલોલના પ્રવાસે જનાર છે. મુખ્યમંત્રી આવતીકાલે પ્રવાસે જનાર હોઈ રાજયમંત્રી મંડળની બેઠક આવતીકાલે મુલત્વી રાખીને ૨૧મીને ગુરૂવારના રોજ યોજવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત રાજયના નાણામંત્રી સૌરભભાઈ પટેલ ત્રણ દિવસના દિલ્હી પ્રવાસે જનાર છે.

# સે-૨૧ના નવા પાર્કીંગ પ્લેસમાં અંધારપટ

## લાઈટો ફીટ થતી નથી : પાર્કીંગ પ્લેસ માટે લાખો ખર્ચાયા પરંતુ લાઈટની વ્યવસ્થાના અભાવે મુલાકાતીઓને હાલાકી

ગાંધીનગર, તા.૧૯

સે-૨૧માં ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટરને અનુલક્ષી પાર્કીંગની સમસ્યાને ડામવા તંત્ર દ્વારા કાર્મેલ સ્કુલની સામેના વિસ્તારમાં નવીન પાર્કીંગ પ્લેસ તૈયાર કરવામાં આવ્યું છે. પરંતુ પાર્કીંગમાં લાંબા સમયના અંતે પણ લાઈટની વ્યવસ્થા ન થતા લાખોના ખર્ચે તૈયાર થયેલા પાર્કીંગનો કોઈ હેતુ સરતો નથી.

શહેરમાં છેલ્લા ઘણા સમયથી પાર્કીંગ વ્યવસ્થા ખાડે ગઈ છે. સરકારી કચેરીઓ ઉપરાંત જાહેર સ્થળોએ આડેધડ વાહનોનો ખડકલો થતા ટ્રાફિકની દ્દષ્ટિએ રોજબરોજ અનેક સમસ્યાઓ ઉદભવે છે. જયારે શહેરના કોમર્શિયલ કોમ્પ્લેક્ષો અને અન્ય શોપીંગ વિસ્તારમાં પણ પાર્કીંગનો પ્રશ્ન પેચીદો બની ગયો છે. જેના પરિણામે રોજબરોજ આડેધડ વાહનો ખડકાતા સર્વિસરોડ પણ બ્લોક થઈ જાય છે. વાહનોની સંખ્યા સામે પાર્કીંગ માટે પર્યાપ્ત જગ્યા ઉપલબ્ધ ન હોવાથી પણ આ સ્થિતિ સર્જાય છે. શહેરના સે-૨૧ ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટરને અનુલક્ષી તંત્ર દ્વારા નવીન પાર્કીંગ પ્લેસનું નિર્માણ કરવામાં આવ્યું છે. પરંતુ આ પાર્કીંગના સ્થળે લાઈટીંગની વ્યવસ્થા ન હોવાથી રાત્રિના સમયે અંધારું છવાઈ જાય છે. જેના પરિણામે મહિલાઓ અને સિનિયર સિટીઝન્સ આ પાર્કીંગ પ્લેસનો ઉપયોગ કરવાનું ટાળે છે. લાંબા સમયના અંતે પણ પાર્કીંગ પ્લેસમાં લાઈટની વ્યવસ્થા કરવામાં આવી નથી.




શ્રાવણ માસનાં સોમવારે શંકર ભગવાનની પૂજા અર્ચનાનો ખાસ મહિમા રહેલો છે. સેકટર-૨ ચંદ્રમૌલેશ્વર મહાદેવ ખાતે મંદીરને ફુલોની રંગોળી કરી દીવડાઓથી સુશોભિત કરાયું હતું. મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા. જ્યારે અન્ય શિવાલયોમાં પણ ભક્તિનું ઘોડાપુર ઉમટ્યું હતું અને શીવલીંગ પર ભક્તોએ બીલીપત્રો અર્પણ કરી સુખ-સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.
(તસવીર : કશ્યપ નિમાવત)

# કલોલના સાંતેજમાંથી કોલેરા પોઝીટીવનો એક કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના સાંતેજ ગામેથી આજે એક કોલેરા પોઝીટીવનો કેસ મળી આવતાં આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે દસ વર્ષની આયુ ધરાવતો આ દર્દી સોલા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યાં તેની સ્થિતિ સારી હોવાનું જાણવા મળેલ છે. આ દર્દી ગુજરાત બહારથી આવ્યો હોવાનું પણ બિનસત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આજે આ સમાચાર મળતાં જ જિલ્લાના આરોગ્ય તંત્રના અધિકારીઓની ટીમ સાંતેજ દોડી ગઈ હતી અને સર્વેલન્સ માટેના આદેશો જારી કર્યા છે. તંત્રના અધિકારીઓને સતર્ક રહેવા માટે પણ તાકીદ કરવામાં આવી છે.

કલોલ વિસ્તારમાં પડેલા ભારે વરસાદ પછી પાણીજ્ય રોગચાળાએ જે રીતે માથુ ઉંચક્યુ છે તેને હજુ તંત્ર નરમાશથી લઈ રહ્યાંનું ચર્ચાઈ રહ્યું છે.

કલોલ શહેરમાં જ સંખ્યાબંધ પાણીના લિકેજીસ હોવાનું તેમજ જૂની પુરાણી પાઈપ-લાઈનો હોવાને કારણે પાણીજન્ય રોગચાળા માટે આ વિસ્તાર સંવેદનશીલ બન્યો છે. બીજી તરફ વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા પણ નગરપાલિકા તંત્ર દ્વારા પુરતી નહિ કરાઈ હોવાથી પરિસ્થિતિ વધુ વણસે તેવી શક્યતાઓ છે.

છેલ્લા સપ્તાહમાં જ સાદા ઝાડાના જે રીતે કેસો વધી રહ્યા છે તેને તંત્રના અધિકારીઓ ગંભીરતાથી નહિ લેતા હોવાની જનમાનસમાં છાપ છે. આ શહેરમાં સ્વચ્છતા અંગે નગરપાલિકાનું તંત્ર પણ ઉદાસીન વલણ અપનાવી રહ્યું છે.

## મળશે નહી

ગાંધીનગર સે.૧૭ના પ્રખ્યાત કાન, નાક, ગળાના સર્જન ડૉ. છાટબાર તા. ૨૦/૮/૧૪, બુધવારથી તા. ૨૪/૮/૧૪ રવિવાર સુધી જસલોક હોસ્પિટલ કોકલીયર ઈમ્પ્લાન્ટ સેમિનારમાં જતા હોવાથી મળી શકશે નહી. તા.૨૫/૮/૧૪થી રાબેતા મુજબ મળશે.

## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પૂર્વ સુપ્રિટેન્ડન્ટ અને હાલ મદદનીશ આરોગ્ય નિયામકશ્રી ભરતભાઈ પટેલના દિકરા ક્ષિતિજનું ગઈકાલે મોડી રાત્રે અવસાન થયું છે. તે છેલ્લા ઘણા સમયથી કોમામાં હતો.
- ગાંધીનગર મેડીકલ એસો. અને આરોગ્યતંત્ર દ્વારા આજે ટી.બી. અંગેનો એક સેમિનાર ઈન્ફોસિટી ખાતે યોજાયો હતો.
- આજે રાજ્ય સરકાર દ્વારા ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં ગતિશીલ ગુજરાતના અમલીકરણને લઈ નેટ કોન્ફરન્સ યોજાઈ હતી.
- ગુજરાતી ફિલ્મોના પ્રસિદ્ધ અભિનેતા અને અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદી પર આજે અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં સફળ શસ્ત્રક્રિયા કરાઈ છે. ચાર કલાક કરતાં પણ વધુ સમય આ શસ્ત્રક્રિયા ચાલી હતી.

LED, LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

# સ્ટોર્મ વોટર લાઈન માટે ખાનગી એજન્સી સર્વેનું કામ હાથ ધરશે

## એજન્સીના રીપોર્ટના આધારે સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી હાથ ધરાશે

ગાંધીનગર, તા.૧૯

શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનનું કામ હાથ ધરવા માટે ટૂંકમાં સર્વે શરુ કરાશે. સર્વેના અંતે રીપોર્ટ તૈયાર થયા બાદ વરસાદી પાણીના નિકાલ માટે આખરી યોજના તૈયાર કરવામાં આશે. હાલના તબક્કે પાણી-ગટર અને ઈલેકટ્રીક સહીતની જરૂરી લાઈનો પસાર થતી હોવાથી આ કામગીરીનું આયોજન કરવાનું પણ તંત્ર માટે મુશ્કેલ બન્યું છે. ત્યારે સેકટરોના રીંગ રોડ ઉપર લાઈન નાંખવાની પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનના અભાવે ચોમાસા દરમિયાન મોટા ભાગના સેકટરોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. સેકટરોના રીંગ રોડ અને કોમન પ્લોટમાં પણ વરસાદી પાણીનો ભરાવો જોવા મળે છે. તંત્ર દ્વારા અત્યાર સુધીમાં માત્ર શહેરના શહેરના ૭ સેકટરોમાં જ સ્ટોર્મ વોટર લાઈનનું કામ કરવામાં આવ્યું છે. અગાઉ આ મામલે તંત્ર કક્ષાએથી બે વખત દરખાસ્ત તૈયાર કરી વિભાગને સુપ્રત કરવામાં આવી હતી પરંતુ છેલ્લા ચાર વર્ષના અંતે પણ સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી હાથ ધરી શકાઈ નથી. જો કે હાલની સ્થિતિએ સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈન નાંખવાનું કામ તંત્ર માટે વધુ મુશ્કેલ બન્યું છે. સેકટરોના રસ્તાઓ આસપાસથી પસાર થતી પાણી, ગટર, ઈલેકટ્રીક, ગેસ અને ટેલીફોન સહીતની જરુરી લાઈનના લીધે સ્ટોર્મ વોટરની યોજનાનું કામ કરતા પૂર્વે તંત્રએ અભ્યાસ હાથ ધરવાની ફરજ પડી છે. સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા સ્ટોર્મ વોટર લાઈનનું કામ હાથ ધરવા ટૂંકમાં ખાનગી એજન્સીને સર્વેનું કામ સોંપવામાં આવશે. જયારે એજન્સી કક્ષાએથી આ મામલે રીપોર્ટ તૈયાર થયા બાદ સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની યોજનાનું કામ હાથ ધરાશે.

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR. FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com